**સવારના વ્યસ્ત સમયે ટ્રાફિક પોલીસની ગેરહાજરીને કારણે પ્રજાને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો**

# ડીપીએસથી ખિસકોલી સર્કલ સુધીનો માર્ગ કલાકો સુધી ઠપ : એમ્બ્યુલન્સ પણ ફસાઈ

**નોકરિયાતો** અને વિદ્યાર્થીઓ સમયસર ન પહોંચી શક્યા, પોલીસ ગાયબ રહી, પણ વાહન ચાલકોએ જાતે જ મોરચો સંભાળી ટ્રાફિક હળવો કર્યો

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૨

શહેરમાં દિનપ્રતિદિન વધી રહેલી ટ્રાફિકની સમસ્યા હવે નાગરિકો માટે માથાનો દુખાવો સાબિત થઈ રહી છે. તાજેતરમાં જ સવારના વ્યસ્ત સમયે ડીપીએસ સ્કૂલથી ખિસકોલી સર્કલ સુધીનો મહત્વપૂર્ણ માર્ગ સંપૂર્ણપણે ટ્રાફિકમાં જકડાઈ ગયો હતો, જેના કારણે વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

સવારના પીક અવર્સ દરમિયાન સર્જાયેલા આ ભારે ટ્રાફિક જામને કારણે વાહનચાલકોને એક કલાકથી વધુ સમય સુધી રસ્તા પર જ અટવાઈ રહેવું પડ્યું હતું. નોકરિયાતો, વેપારીઓ તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સમયસર પોતપોતાના કાર્યસ્થળ કે શૈક્ષણિક સંસ્થાઓએ પહોંચી શક્યા ન હતા, જેના કારણે અનેકોના મહત્વપૂર્ણ કામો અટવાયા હતા.

આ જામની સૌથી ચિંતાજનક બાબત એ રહી કે, એક દર્દીને લઈને જતી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ લાંબા સમય સુધી ટ્રાફિકમાં ફસાઈ રહી હતી અને આગળ વધી શકી



નહોતી. રાહતની વાત એ રહી કે અરાજકતા વચ્ચે વાહનચાલકોએ પોતે જ રસ્તા પર ઉતરીને ટ્રાફિક ક્લિયર કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર ગંભીર સ્થિતિ દરમિયાન ઘટનાસ્થળે ટ્રાફિક પોલીસનો એક પણ જવાન હાજર ન હોવાથી નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

સ્થાનિક રહેવાસીઓ અને નિયમિત આવન-જાવન કરતા વાહનચાલકોએ વહીવટી તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરી છે કે, સવાર અને સાંજના વ્યસ્ત સમયે આવા મુખ્ય માર્ગો પર ટ્રાફિક પોલીસની કાયમી અને નિયમિત તૈનાતી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી અસહ્ય સ્થિતિનું પુનરાવર્તન ન થાય અને કટોકટીના સમયે કોઈ દર્દીનો જીવ જોખમમાં ન મૂકાય.

## સિગ્નલ ફળિયા ગેંગ' કેસમાં ચાર્જશીટની મુદત લંબાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

ગોધરા રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા 'સિગ્નલ ફળિયા ગેંગ'ના ગુજસીટોક (GCTOC) કેસમાં ઝડપાયેલા પાંચ આરોપીઓ સામે પૂરક ચાર્જશીટ દાખલ કરવા માટે અદાલતે 7 સપ્ટેમ્બર, 2026 સુધીની મુદત મંજૂર કરી છે. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાની અરજીના આધારે આ નિર્ણય લેવાયો હતો. કેસમાં અગાઉ નવ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થઈ હતી, જ્યારે તપાસ દરમિયાન અન્ય આરોપીઓની સંડોવણી સામે આવતા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તપાસ અધિકારીનો અહેવાલ, કેસ ડાયરી અને અન્ય દસ્તાવેજોના આધારે અદાલતે તપાસની જટિલતા તથા વધુ પુરાવા એકત્ર કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સમયમર્યાદા લંબાવી છે. હવે તપાસ એજન્સી પૂરક ચાર્જશીટ સાથે વધારાના પુરાવા રજૂ કરશે.

## સમામાંથી SMCએ દારૂ સાથે રૂ.૨.૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

**મુખ્ય** બુટલેગર સહિત પાંચ ઝડપાયા, એક ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા. 22

વડોદરા શહેરના સમા વિસ્તારમાં ગેરકાયદે દારૂના ધંધા પર સ્ટેટ મોનિટરિંગ સેલે રેડ કરતાં મુખ્ય બુટલેગર રમણ ઉર્ફે શિયાળ માળી સહિત પાંચ આરોપીઓ ઝડપાઈ ગયા હતા.જ્યારે એક આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂ અને બિયરના 96 નંગ, છ મોબાઈલ ફોન, એક ટુ-વ્હીલર તથા રોકડ રૂપિયા સહિત રૂ.2.53 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વડોદરા શહેર જિલ્લા ના અલગ અલગ વિસ્તારોમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા વિદેશી દારૂના વેચાણ થતા હેરાફેરી પર નરોડા પાડવામાં આવતા હોય છે ત્યારે સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે વડોદરાના સમા વિસ્તારમાં વિદેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે અને હાલમાં કુખ્યાત રમણ ઉર્ફે શિયાળ મયજીભાઈ માળી દારૂનો જથ્થો મંગાવીને મૂક્યો છે. જેના આધારે એસએમસી એ બાતમી મુજબના સ્થળ પર એડ કરી હતી. જેમાં સ્થળ ઉપરથી બુટલેગર રમણ ઉર્ફે શિયાળ તેનો પુત્ર મેહુલ રમણભાઈ માળી તેમજ કમલેશ તળપદા, સંતોષ માળી અને હરમનજીતસિંહ ઝડપાઈ ગયા હતા જ્યારે પવન ભાઉ ઉર્ફે નિલેશ જયસ્વાલ નામનો આરોપી ફરાર હોવાનું સામે આવ્યું છે.

પ્રાથમિક તપાસમાં આરોપીઓ સંગઠિત રીતે ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની ખરીદી, સંગ્રહ, હેરફેર અને વેચાણનો ધંધો ચલાવતા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે દારૂનો જથ્થો, મોબાઈલ ફોન, વાહન અને રોકડ રકમ સહિત રૂ 2.53 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપીની શોધખોળ સાથે દારૂના સપ્લાય ચેઈન અને અન્ય સંડોવાયેલા શખ્સોની ઓળખ માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## બુલેટ ટ્રેનના વિદ્યુતીકરણને વેગ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

508 કિમી લાંબા મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર પર ટ્રેક સાથે વિદ્યુતીકરણનું કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. ભારતમાં પ્રથમ વખત હાઈ-સ્પીડ ટ્રેન માટે અદ્યતન 2x25 KV ઓવરહેડ ટ્રેક્શન સિસ્ટમનો ઉપયોગ થશે, જે 320 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડતી ટ્રેનોને સ્થિર વીજ પુરવઠો આપશે.

કોરિડોરમાં કુલ 14 ટ્રેક્શન સબસ્ટેશન બનશે, જેમાંથી નવ ગુજરાતમાં વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, મહેમદાવાદ, અમદાવાદ અને સાબરમતી ખાતે હશે. ઉપરાંત 31 સ્વિચિંગ પોસ્ટ્સ અને 16 ડિસ્ટ્રિબ્યુશન સબસ્ટેશન પણ બનાવાશે. પ્રોજેક્ટમાં 22 હજારથી વધુ સ્ટીલ માસ્ટ અને 25,700થી વધુ કેન્ટિલીવર એસેમ્બ્લીઓનો ઉપયોગ થશે. હાઈ-સ્પીડ વિદ્યુતીકરણ માટેના મોટાભાગના સાધનો હવે ભારતમાં જ તૈયાર થઈ રહ્યા છે. સલામતી માટે ટ્રેક્શન સબસ્ટેશનોમાં અર્લી અર્થક્વેક ડિટેક્શન સિસ્ટમ પણ લગાવવામાં આવશે, જેથી હાઈ-સ્પીડ ટ્રેનોનું સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત થઈ શકે.

## આતંકવાદી ફ્રેશ થવા સયાજીગંજની હોટલ એમ્બેસેડરમાં રોકાયો હતો

**વડોદરામાં** જૈશ-એ-મોહમ્મદ કનેક્શન બાબતે ATS આરોપીને લઈને હોટલમા તપાસ માટે પહોંચી હતી

**હોટલમાંથી** કોઈ વાંધાજનક વસ્તુ મળી નહી : મેનેજર

(પ્રતિનિધિ) વડોદરા તા.22

ગુજરાત ATS દ્વારા જૈશ-એ-મોહમ્મદ સાથે સંભવિત કનેક્શનની તપાસ દરમિયાન વડોદરામાં મહત્વપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવી હતી. પાલનપુર ભાગળથી શરૂ થયેલી તપાસનો દોર વડોદરા સુધી પહોંચ્યો હતો, જ્યાં ATSની ટીમ આરોપીને સાથે લઈને સયાજીગંજ વિસ્તાર તેમજ રેલવે સ્ટેશન નજીકના વિસ્તારોમાં તપાસ માટે પહોંચી હતી. તપાસ દરમિયાન એમ્બેસેડર હોટલમાં પણ સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક માહિતી મુજબ, અગાઉ અહમદ અને ઈબ્રાહિમ નામના વ્યક્તિઓ એમ્બેસેડર ક્વાર્ટરમાં રોકાયા હોવાની વિગતો સામે આવી હતી.

એમ્બેસેડર હોટલના મેનેજર સફવાન શાહજીએ જણાવ્યું કે આશરે પાંચ મહિના પહેલા એક યુવક હોટલમાં નોકરી કરતો હતો, પરંતુ લગ્ન બાદ તેણે નોકરી છોડી દીધી હતી. ATSની ટીમ આરોપીને લઈને હોટલમાં આવી હતી, ત્યારે તેણે આ હોટલમાં નોકરી કરતા એક યુવકને ઓળખતો હોય થોડા સમય માટે ફ્રેશ થઈને લગભગ એક કલાકમાં નીકળી ગયો હતો. હોટલના હાલના સ્ટાફે જણાવ્યું કે તેઓ આરોપીને ઓળખતા નથી. ATS દ્વારા હોટલમાં સઘન તપાસ કરવામાં આવી હતી, જોકે ત્યાંથી કોઈ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી. ATS હાલ સમગ્ર મામલે વધુ પુરાવા એકત્ર કરવાની કામગીરીમાં વ્યસ્ત છે અને તપાસના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## મુસાફરોને રેલવન એપ વાપરવા રેલવેની અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

પશ્ચિમ રેલવેએ મુસાફરોને ભારતીય રેલવેની એકીકૃત મોબાઈલ એપ 'રેલવન'નો વધુમાં વધુ ઉપયોગ કરવા અપીલ કરી છે. આ એક જ એપ દ્વારા આરક્ષિત, અનારક્ષિત અને પ્લેટફોર્મ ટિકિટ બુકિંગ, ટ્રેન સર્ચ, PNR સ્ટેટસ, કોચ પોઝિશન, લાઈવ ટ્રેન ટ્રેકિંગ, ટ્રેનમાં ભોજનનો ઓર્ડર, રિફંડ અને 'રેલ મદદ' સહિતની તમામ સેવાઓ ઉપલબ્ધ હોવાથી અલગ-અલગ એપ ડાઉનલોડ કરવાની જરૂર રહેતી નથી.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું કે ડિજિટલ ટિકિટિંગને પ્રોત્સાહન આપવા માટે 31 માર્ચ, 2027 સુધી રેલવન એપથી અનારક્ષિત ટિકિટ બુક કરી ડિજિટલ પેમેન્ટ કરનાર મુસાફરોને 3 ટકા ડિસ્કાઉન્ટ મળશે. જ્યારે R-Wallet દ્વારા ચુકવણી કરનારને 3 ટકા કેશબેક પણ આપવામાં આવશે. આ યોજના મુસાફરોને સરળ, સ્માર્ટ અને સુવિધાજનક રેલ મુસાફરીનો અનુભવ કરાવશે.

**એક મહિનાથી રજૂઆત છતાં કોઈ કાર્યવાહી નહીં**

## નવલખી તળાવ પાસે જૂની જાળીઓ ન હટાવાતા મગરોને જોખમ, જીવદયા પ્રેમીઓમાં આક્રોષ

ચોમાસામાં ઈજાનું જોખમ, ગયા વર્ષે 11 મગરોના મોત

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

વિશ્વામિત્રી નદીમાં વસવાટ કરતા મગરોના જીવ હાલ જોખમમાં છે. નવલખી કૃત્રિમ તળાવ પાછળ ચાલી રહેલી વિકાસ કામગીરી દરમિયાન પડેલી જૂની લોખંડની જાળીઓ અને અણીદાર એંગલ હજુ સુધી દૂર ન કરવામાં આવતા ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થાએ તંત્રની બેદરકારી સામે સખત રોષ વ્યક્ત કર્યો છે.

પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થાના આગેવાન રમેશભાઈએ જણાવ્યું કે ચોમાસામાં તળાવમાં પાણીનું સ્તર વધે છે. આ સમયે મગરો વચ્ચે વિસ્તારને લઈને લડાઈ થતી હોય છે. ત્યારે, તેઓ આ લોખંડની જાળીઓ અને એંગલ સાથે અથડાઈને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ શકે છે. ગયા વર્ષે



પણ વિવિધ કારણોસર તળાવમાં 11 મગરોના મોત થયા હતા. છતાં આ વર્ષે સંભવિત જોખમને દૂર કરવા માટે તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયા નથી. તેઓનો આક્ષેપ છે કે, છેલ્લા એક મહિનાથી પાલિકાના સિટી એન્જિનિયર, વન વિભાગના અધિકારીઓ તેમજ સંબંધિત જવાબદાર અધિકારીઓને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી જૂની જાળીઓ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી નથી. સંસ્થાએ માંગ કરી છે કે, વરસાદ વધે અને તળાવમાં કાદવ ભરાય તે પહેલા ડી.આર. અગ્રવાલ એજન્સી દ્વારા હાઈડ્રા મશીનની મદથી તાત્કાલિક તમામ જૂની લોખંડની જાળીઓ અને એંગલ દૂર કરવામાં આવે. રમેશભાઈએ ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જો તંત્રની બેદરકારીના કારણે કોઈ મગરનું મોત થશે તો જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે.

## મકરપુરા GIDC રોડ પર હાઈડ્રા વાહનની અડફેટે યુવતીનું મોત

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

વડોદરા શહેરમાં ફરી એક વખત બેફામ વાહનચાલકના કારણે એક યુવતીનો ભોગ લેવાયો છે. માંજલપુર પોલીસ મથક વિસ્તારમાં રસ્તા પર ચાલતી જતી યુવતીને પાછળથી આવેલા હાઈડ્રા વાહને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

મકરપુરા જીઆઈડીસી અને માજલપુર પોલીસ મથક પાસેના રસ્તા પર બની હતી. ખાનગી કંપનીમાં ઈન્ટર્નશિપ કરતી દિવ્યા કનુભાઈ પરમાર ઉંમર 22 રસ્તા પર પગપાળા જઈ રહી હતી. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવતા હાઈડ્રા વાહને તેને અડફેટે લીધી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી યુવતીને 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે ત્યાં હાજર તબીબોએ તપાસ બાદ તેને મૃત જાહેર કરી હતી. સારવાર મળે તે પહેલાં જ યુવતીનું મોત નીપજતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. મૃતક



યુવતી જ્યુપિટર ચોકડી પાસે આવેલી મારુતિધામ સોસાયટીમાં રહેતી હતી. આ દુર્ઘટનાની જાણ થતાં જ માંજલપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગળની તપાસ શરૂ કરી છે. અકસ્માત સર્જનાર વાહનચાલકને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અકસ્માતને પગલે વિસ્તારમાં કેટલાક સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાઈ હતી. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે રોડ પહોળા કરવામાં આવ્યા હોવા છતાં આડેધડ પાર્કિંગના કારણે અહીં અકસ્માતોની ઘટનાઓ વારંવાર બનતી રહે છે. પરિવારજનોનું હૈયાફાટ રુદન જોવા મળ્યું હતું. યુવતીના મોતથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી છે.

**મહિલાએ મોબાઇલમાં વીડિયો પુરાવા તરીકે ઉતાર્યો**

## ફ્લેટમાં કબૂતરની જાળી નાખવા આવેલા યુવકે મહિલાને અશ્લીલ ઈશારા કર્યા

**૧૮૧** અભયમની ટીમ સ્થળ પર પહોંચી બંને પક્ષોની વાત સાંભળી હતી

**સ્થાનિકોની** મદદથી યુવકને રોકી અકોટા પોલીસ સ્ટેશનમાં અરજી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરાના અકોટા વિસ્તારમાં એક ફ્લેટમાં કબૂતરની જાળી લગાવવા આવેલા યુવકે સામેના ફ્લેટમાં રહેલી મહિલા સામે અશ્લીલ હરકતો અને ઈશારા કરતા મહિલાએ હિંમતપૂર્વક તેનો વીડિયો બનાવી પુરાવો એકત્ર કર્યો હતો. બાદમાં સ્થાનિકોની મદદથી યુવકને રોકી 181 અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. મહિલાની માંગ મુજબ સમગ્ર મામલે અકોટા પોલીસ સ્ટેશનમાં અરજી આપીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અકોટા વિસ્તારમાં રહેતી મહિલા પોતાના ઘરમાં રોજિંદા ઘરકામમાં વ્યસ્ત હતી. તે દરમિયાન સામેના ફ્લેટમાં કબૂતરની જાળી લગાવવા માટે મજૂરો કામ કરી રહ્યા હતા. બંને ફ્લેટ સામસામે હોવાથી મહિલા બાલ્કની તરફ હતી ત્યારે કામ માટે આવેલા એક યુવકે બાલ્કનીમાં આવી મહિલાની સામે અશ્લીલ હરકતો અને ઈશારા કરવા શરૂ કર્યા હતા.

શરૂઆતમાં મહિલા ગભરાઈ ગઈ હતી, પરંતુ પોતાની વાત પર વિશ્વાસ નહીં કરવામાં આવે તેવી આશંકાને ધ્યાનમાં રાખી તેણે યુવકને જાણ ન પડે તે રીતે મોબાઈલ ફોનમાં તેની હરકતોનો વીડિયો ઉતારી પુરાવો એકત્ર કર્યો હતો. ત્યારબાદ મહિલાએ આસપાસના લોકોને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. સ્થાનિકોની મદદથી આરોપી યુવકને સ્થળ પર જ રોકી રાખવામાં આવ્યો હતો અને તરત જ 181 અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

181 અભયમની ટીમ સ્થળ પર પહોંચી બંને પક્ષોની વાત સાંભળી હતી. યુવકે સ્વીકાર્યું હતું કે તે કામ કરવા આવ્યો હતો અને તેણે કરેલી હરકત તેની ભૂલ હોવાનું જણાવ્યું હતું. જોકે મહિલાએ કહ્યું હતું કે, "બીજાના ઘરે પણ મા-દીકરી હોય છે. આજે તેને છોડી દેવામાં આવશે તો આવતીકાલે બીજી કોઈ મહિલા સાથે પણ આવી હરકત કરી શકે.

મહિલાએ યુવક સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ઈચ્છા વ્યક્ત કરતા 181 અભયમની ટીમે તેને અકોટા પોલીસ સ્ટેશન લઈ જઈ અરજી કરાવવામાં મદદ કરી હતી.

## SSGમાં ૨૪ કલાકમાં ચાંદીપુરાનો એકપણ નવો કેસ નોંધાયો નહીં

**પીડિયાટ્રિક** વિભાગમાં સારવાર હેઠળ રહેલા ૬ પૈકી ૪ બાળકોના રિપોર્ટ નેગેટિવ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૨

શહેરની સયાજી હોસ્પિટલમાંથી ચાંદીપુરા વાયરસને લઈને એક અત્યંત રાહતજનક સમાચાર સામે આવ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન હોસ્પિટલમાં આ વાયરસને લગતું કોઈ પણ નવું દર્દી એડમિશન પામ્યું નથી, જે તંત્ર અને નાગરિકો માટે મોટી રાહત સમાન છે.

સયાજી હોસ્પિટલના RMO ડૉ હિતેન્દ્ર ચૌહાણ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સાવચેતીના ભાગરૂપે અને મેડિકલ પ્રોટોકોલ અનુસાર, હાલ હોસ્પિટલના પીડિયાટ્રિક ડિપાર્ટમેન્ટમાં ૬ શંકાસ્પદ બાળકોને તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. નિષ્ણાત તબીબોની ટીમ આ તમામ બાળકોની પ્રત્યેક ક્ષણની




સ્વાસ્થ્ય સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે. સારવાર હેઠળ રહેલા ૬ બાળકોમાંથી ૪ બાળકોના લેબ રિપોર્ટ આવી ગયા છે, જે નેગેટિવ આવ્યા છે. બાકી રહેલા ૨ દર્દીઓના રિપોર્ટ હાલ લેબ પ્રક્રિયા હેઠળ એટલે કે વેઈટિંગમાં છે, જેના પરિણામો ટૂંક સમયમાં આવવાની સંભાવના છે.

હોસ્પિટલ પ્રશાસન દ્વારા પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તમામ મેડિકલ વ્યવસ્થાઓ અને દર્દીઓની સંભાળ પર સઘન દેખરેખ રાખવામાં આવી રહી છે, જેથી કોઈપણ સ્થિતિને ત્વરિત પહોંચી વળી શકાય.

**ઐતિહાસિક સોના-ચાંદીનો રથ સ્ટોર રૂમમાંથી બહાર કઢાયો**

## વિઠ્ઠલનાથજીના ૨૧૭મા ભવ્ય વરઘોડાની તૈયારીઓ: દેવપોઢી એકાદશીએ નગરચર્યા

**કીર્તિ** મંદિર ખાતે વિશેષ પૂજન અને મહાઆરતી યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.22

સંસ્કારી નગરી વડોદરામાં આગામી દેવપોઢી એકાદશીના પાવન પર્વે ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીનો ૨૧૭મો ઐતિહાસિક વરઘોડો અત્યંત શ્રદ્ધા અને ઉલ્લાસપૂર્વક કાઢવામાં આવશે. વર્ષો જૂની પરંપરા મુજબ આ પવિત્ર પ્રસંગે ભગવાન વિઠ્ઠલનાથજી સોના-ચાંદીથી સુશોભિત ભવ્ય રથમાં બિરાજમાન થઈને વડોદરાના રાજમાર્ગો પર નગરચર્યા કરી ભક્તોને દર્શન આપશે. વરઘોડા પૂર્વે ગાયકવાડ રાજવી પરિવાર દ્વારા વિધિવત પૂજન-અર્ચન કરી પ્રભુના રથને પ્રસ્થાન કરાવવામાં આવશે.

આ ભવ્ય નગરયાત્રાની પૂર્વતૈયારીઓના ભાગરૂપે સોના અને ચાંદીથી મઢેલા ઐતિહાસિક રથને



મંદિરના સ્ટોર રૂમમાંથી બહાર કાઢવામાં આવ્યો છે. આ રથ ખાસ ઈંગ્લેન્ડમાં તૈયાર કરાયેલો હોવાનું માનવામાં આવે છે. દાયકાઓ જૂનો હોવા છતાં યોગ્ય જાળવણી અને સંભાળના કારણે આજે પણ આ રથ અત્યંત સુરક્ષિત અને મજબૂત સ્થિતિમાં છે, જેને જોઈને શ્રદ્ધાળુઓમાં વિશેષ આકર્ષણ જોવા મળી રહ્યું છે.

પરંપરાગત માર્ગો પરથી પસાર થઈને ભગવાનનો આ વરઘોડો બપોરે ૧:૦૦ વાગ્યાના સુમારે કીર્તિ મંદિર સ્થિત કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચશે. ત્યાં ભગવાનના વિશેષ પૂજન, અર્ચન અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ સાંજે ૫:૦૦ વાગ્યે વરઘોડો પોતાના નિજ ધામ વિઠ્ઠલ મંદિર ખાતે પરત ફરશે. સમગ્ર યાત્રા દરમિયાન શહેરના રાજમાર્ગો ભક્તિમય માહોલથી ગૂંજી ઉઠશે.

**હનુમાન ટેકરી વિસ્તારમાં પોલીસનો દરોડો**

## વાડી પોલીસે ૨૮.૬૧ ગ્રામ ગાંજા સાથે કેરીયરને ઝડપી પાડ્યો

**નશીલા** પદાર્થનો સપ્લાયર વોન્ટેડ, પુરવઠાના સ્ત્રોત અંગે તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરાના વાડી વિસ્તારમાં નશીલા પદાર્થો સામેની ઝુંબેશ દરમિયાન પોલીસે એક શખ્સને 28.61 ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડયો છે. જ્યારે ગાંજો આપનારને વોન્ટેડ જાહેર કર્યો છે.

વડોદરા શહેર અલગ અલગ વિસ્તારોમાં એમડી ડ્રગ્સ ગાંજો ચરસ સહિતના નસીલા પદાર્થોનો ગેરકાયદે વેચાણ થાય છે ત્યારે વાડી વિસ્તારમાં આવા નસીલા પદાર્થના વેચાણ ઝડપી પાડવા માટે વાડી પોલીસ પેટ્રોલિંગમા હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે ગાજરાવાડી સ્થિત હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલા એક મકાન પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપી જગદીશ



શંકર કેથવાસના રહેણાંકમાંથી 28.61 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની અંદાજિત કિંમત રૂ.1,430 થાય છે. પોલીસે ગાંજો કબ્જે કરીને આરોપીની ધરપકડ કરી છે. વાડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે કેરિયર ગાંજો ક્યાંથી લાવ્યો હતો? તેની વધુ તપાસ હાથ ધરી છે.

## કેપ્ટન પોલીપ્લાસ્ટ હવે NSE પર લિસ્ટેડ, રોકાણકારોને મળશે વધુ વ્યાપક પહોંચ

વડોદરા: માઈક્રો ઈરિગેશન સોલ્યુશન્સ અને સોલાર ઈપીસી ક્ષેત્રે કાર્યરત કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડના ઈક્વિટી શેર 23 જુલાઈ, 2026થી નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) પર લિસ્ટ થશે. અગાઉ બીએસઈ પર લિસ્ટેડ કંપની માટે આ મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે. કંપનીના શેર CPL સિમ્બોલ અને INE536P01021 ISIN હેઠળ ટ્રેડ થશે. રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા 6.01 કરોડથી વધુ ઈક્વિટી શેર એનએસઈ પર ઉપલબ્ધ રહેશે. કંપનીના જણાવ્યા મુજબ, એનએસઈ લિસ્ટિંગથી રોકાણકારોનો વ્યાપ વધશે, શેરની લિક્વિડિટી સુધરશે તેમજ પારદર્શિતા અને કોર્પોરેટ ગવર્નન્સ વધુ મજબૂત બનશે. કંપની હાલમાં માઈક્રો ઈરિગેશન, સોલાર ઈપીસી અને પોલિમર સેગમેન્ટમાં મજબૂત ઓર્ડર બુક ધરાવે છે. અમદાવાદમાં ઉત્પાદન એકમ ઉપરાંત દેશના 16 રાજ્યોમાં ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અને અનેક દેશોમાં નિકાસ કરે છે.

**સયાજી હોસ્પિટલ 'બલ્ક વેસ્ટ જનરેટર' જાહેર**

## હવે હોસ્પિટલ પ્રશાસને જ કરવો પડશે કચરાનું પ્રોસેસિંગ અને વૈજ્ઞાનિક નિકાલ

(પ્રતિનિધિ) વડોદરા તા. 22

મધ્ય ગુજરાતની સૌથી મોટી અને દર્દીઓથી ધમધમતી સયાજી હોસ્પિટલ હવે સત્તાવાર રીતે 'બલ્ક વેસ્ટ જનરેટર'ની શ્રેણીમાં સામેલ થઈ છે. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા અને ઘન કચરા વ્યવસ્થાપનના નિયમો અનુસાર હવે હોસ્પિટલ પરિસરમાંથી દરરોજ ઉત્પન્ન થતા કચરાનું પ્રોસેસિંગ અને નિકાલની સંપૂર્ણ જવાબદારી હોસ્પિટલ પ્રશાસનની રહેશે. આ અંગે વડોદરા મહાનગરપાલિકાએ અમલવારીની પ્રક્રિયા શરૂ કરી છે.

નવા નિયમોના અમલ અને નોંધણી પ્રક્રિયાને વેગ આપવા માટે વડોદરા મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે સયાજી હોસ્પિટલની મુલાકાત લઈ હોસ્પિટલના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠક દરમિયાન બલ્ક વેસ્ટ જનરેટર તરીકે નોંધણી, કચરા સંચાલન અને નિયમોના પાલન અંગે



જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા મુજબ સયાજી હોસ્પિટલમાં મોટી સંખ્યામાં બેડ તેમજ રોજિંદા હજારો દર્દીઓની અવરજવર હોવાથી દરરોજ મોટા પ્રમાણમાં ઘન કચરો ઉત્પન્ન થાય છે. ઘન કચરા વ્યવસ્થાપનના નિયમો મુજબ આવા મોટા સંસ્થાઓએ પોતાના કચરાનું સ્થળ પર જ વૈજ્ઞાનિક રીતે વર્ગીકરણ, પ્રોસેસિંગ અને યોગ્ય નિકાલ કરવો ફરજિયાત છે.

અત્યાર સુધી હોસ્પિટલનો સામાન્ય કચરો વડોદરા મહાનગરપાલિકા એકત્ર કરતી હતી, પરંતુ હવે હોસ્પિટલ પ્રશાસને જ તેની સ્વતંત્ર વ્યવસ્થા ઊભી કરવી પડશે. પાલિકાના મતે આ વ્યવસ્થાથી હોસ્પિટલ પરિસરમાં સ્વચ્છતા વધુ સુદઢ બનશે, કચરાના નિકાલની પ્રક્રિયા વધુ અસરકારક અને પર્યાવરણને અનુકૂળ બનશે તેમજ ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોનું અસરકારક પાલન સુનિશ્ચિત થશે.

## કારેલીબાગમાં બંધ મકાનના તાળાં તોડી માંથી રૂ. ૩.૪૭ લાખની ચોરી

**પૂજાના** રૂમમાં રાખેલી ત્રણ તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની લઈ તસ્કરો ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરોએ રૂ. 3.47 લાખની મત્તાની ચોરીને અંજામ આપ્યો છે. ચોરોએ ઘરના મુખ્ય દરવાજા અને તિજોરીના તાળા તોડી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાને લઈને કુંભારવાડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કારેલીબાગ કલાકુંજ સોસાયટી-3માં રહેતા કિર્તન પ્રકાશચંદ્ર દવેના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યુ હતુ. ચોરોએ સૌપ્રથમ લોખંડની જાળીવાળો દરવાજો ખોલ્યો અને ત્યારબાદ મુખ્ય લાકડાના દરવાજાનો નકુચો કોઈ સાધનથી તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ પૂજાના રૂમમાં રાખેલી લાકડાની બે અને લોખંડની એક એમ ત્રણ તિજોરીના તાળા તોડી અંદર રાખેલા સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ. 3.47 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

### પરિવાર સંબંધીને ત્યાં ગયો ને રૂ. ૨.૭૨ લાખની તસ્કરી

ન્યુ વીઆઈપી રોડ પર આવેલા વૈકુંઠ-2 સોસાયટીમાં રહેતા અતુલભાઈ ધીરજલાલ જાગાણી રાત્રે સમયે પરિવારના સભ્યો સગાના ઘરે જમણવારમાં ગયા હતા. મધરાતે ઘરે પરત ફરી ઘરમાં તપાસ કરતાં બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરી ખુલ્લી અને સામાન વેરવિખેર હાલતમાં મળ્યો હતો. તસ્કરો તિજોરીમાંથી સોનાની ચેઇન, મંગળસૂત્ર, વીંટી, બુટી, સિક્કા સહિતના દાગીના, ચાંદીના પૂજાના સામાન, આશરે રૂ.1.10 લાખની રોકડ તેમજ ત્રણ મોબાઇલ ફોન મળી રૂ.2.72 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા.